# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● સળંગ અંક : ૧૭૩ ● તા.૦૨ ઓક્ટોબર થી ૮ ઓક્ટોબર ૨૦૨૧



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# સાંધવ નગરે શાંતિનાથ દાદાની શીતલ છાયામાં પર્વાધિરાજ મહાપર્વ પર્યુષણની આરાધના



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
પ્રવીણ હંસરાજ લોડાયા
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# નિરાશામાંથી આશાનું પ્રાગટ્ય થાય છે

જીવન સંસારમાં આશા અને નિરાશા વચ્ચે સતત દ્રંદ્ર ચાલતું હોય છે. આ પ્રક્રિયામાં ઈશ્વરના સર્વશ્રેષ્ઠ સર્જન મનુષ્યનું ઘડતર થાય છે. નિરાશાના હતાશાભર્યા માહોલમાં આશાનું એક કિરણ ઉત્સાહ, ઉમંગ અને ઉલ્લાસનું વાતાવરણ સર્જે છે. માનવીની હતાશાનું મૂળ કારણ આશા જ છે. કારણ કે, કોઈ વાત વિચાર કે કલ્પના સાકાર ન થાય એટલે ગુસ્સો કે નફરતની લાગણી થાય એ સહજ વાત છે. પણ હતાશાથી હતોત્સાહથી સમૂળગા હથિયાર હેઠા મૂકી કોઈની શરણાગતિ સ્વીકારી લઈએ તો એ સર્વો પાતી પતન ભણી ધકેલાઈ જાય છે. ઘટાટોપ ઘેરા અંધકારમાં આશાનુ એક ટમટમતું નાનકડું કિરણ પણ ઉમંગની એક ચિનગારી આપે છે અને આજ જીવન બળ સાબિત થઈ પ્રેરણાબળ થઈ શકે છે.

આપણે રાખેલી આશા પૂર્ણા ન થાય તો તે માટે ગુસ્સો કે નફરત થાય એ સહજ પ્રકૃતિમય પ્રક્રિયા સમજવી પણ એનો મતલબએ નથી થતો કે આપણી ઈચ્છાઓનો અંત આણી દેવો. ઈચ્છાઓનો અંત જ નથી તે અનંત છે. પરંતુ તેને આપણે એક સીમા સુધી બાંધી દઈએ છીએ. જે ખરેખર તો એ વિચાર કરનારને બંધનથી બાંધી દે છે.

માનવ જન્મ લે છે. ત્યારે જ એક આશાનું પોટલું લઈને જ જન્મ લે છે. તેના પરિવાર જનો મોટમોટી કલ્પનાઓ દ્વારા નવજાતને બાંધી દે છે. પણ જ્યારે કલ્પનાથી વિપરીત થવા પામે એટલે એકબીજા સાથે અટંસ થાય. ખરી રીતે આપણી આશા ઈચ્છાઓનો પરિપૂર્ણ કરવાની જવાબદારી આપણી જ હોય છે. જ્યાં સુધી માનવી દુનિયા સાથે સંલગ્ન છે ત્યાં સુધી કંઈને કંઈ આશાઓ સાથે જીવવાનો છે.

આપણો સ્વભાવ છે કે મિત્રો, જીવનસાથી, સંતાન સગા-સંબંધીઓ પાસે અગણિત આશાઓના પોટલા બાંધી રાખતા હોઈએ છીએ. અને અંદરો અંદર એવું માની લઈએ છીએ કે આ બધી આશાઓની પૂર્તિ કરવી તેમની ફરજ છે. તીરે ઊભી તમાશો જોવા જેવી આપણી જિંદગી થઈ જાય છે. આશાઓના અડાબીડ વાદળથી આપણે ઘરાયેલાં રહીએ છીએ પણ વરસાદ ન વરસતા નિરાશાથી ઘેરી વળીએ છીએ. પણ ખરે ખરતો નિરાશામાંથી સોનેરી આશાની કોર આપણને પ્રાપ્ત થાય છે. એની સમજણ અને સજાગતા હોવી જોઈએ.

પ્રભુએ આપણો જન્મ માનવ અવતારમાં કર્યો છે. ત્યારે આપણી જવાબદારી થાય છે કે સારા કર્મો કરી, આપણી પણ રખાયેલ જવાદારીને કર્તવ્યથી નિભાવીએ પ્રાર્થના કરવા કોઈ મંદિરે જતું નથી માત્ર માંગણી સંભળાવવા જાય છે. પરમાત્મા પાસે જેટલી માંગણીઓ કરી કઈ કઈ પૂરી થઈ તેની પર આપણી ચોંપ રહે છે. પણ એટલું નથી વિચારતા કે જિંદગીમાં બધુ કાંઈ આપણું ધાર્યુ નથી થવાનું. થોડી હકારાત્મકતાને આપણે હૃદયમનમાં સ્થાન આપીએ સંતોષશીલ રહીએ ઉમેદ આશા રાખતા રહીએ ઈશ્વર પાસેથી મેળવવાની કંઈક મેળવવાની તો સામે ઈશ્વર પણ આપણી પાસે શ્રધ્ધા અને મહેનતની આશા તો રાખવાનો જ માટે નિરાશામાં આશાનો દિપક પ્રગ્ટાવી આપણા જીવનને ઝળઝળાવીએ અને સાર્થક પથગામી થઈએ.

-જયાતિમૈયા

# સંતાનનો ઉછેર માતા પિતાની કસોટી




નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

આજની વાસ્તવિકતા એ છે કે સંતાનો અને માતા-પિતાના સંબંધમાં પરિવર્તન આવ્યું છે. કુટુંબ નાના થઈ ગયા છે અને પરિવારમાં એક બે બાળકો હોય છે. માવતરો એ વિચારે છે કે વડીલોના સંજોગોને લીધે અમારો ભણતર ઉછેર ભલે સંજોગો પ્રમાણે ઠીક રીતે થયો નહિ પણ અમારૂ સંતાન સારું શિક્ષણ કેળવણી મેળવે, સુખ સગવડ ભર્યા સાધનો સાથે ઉછરે, તેના શોખ પ્રમાણે તાલીમ લઈ કલા, નૃત્ય કે સ્પોર્ટસમાં પણ પ્રાવિણ્ય મેળવે એ ખ્યાલથી તેને મોંઘા કોચિંગ ક્લાસમાં તાલીમ અપાવે. આમ સંતાનોને સારું શિક્ષણ સારી તાલીમ આપી સંતોષ અનુભવે છે પણ જીવનમાં સંજોગો પ્રમાણે પાઠ ભણવાનું શિક્ષણ આપવાનું હોય તે મુદલ આપતા નથી. વિવિધ વાનગી ખાવાનો શોખ હોય, ચટાકેદાર આઈટમ્સ આરોગવાનો છંદ હોય તો તે પકાવતા બનાવતા આવડવું જોઈએ તે જ રીતે જે વસ્તુ જોઈતી હોય તે મેળવવાની પાત્રતા પણ કેળવી પડે છે. કુટુંબીજનો પાસેથી કંઈ મેળવવું હોય તો તેમની કાળજી, ખેવના કરવી જોઈએ. આદર માન આપવું જોઈએ એવી સમજ સંતાનોને આપવી જરૂરી છે.

પરિવારમાં એકનું એક સંતાન હોય તે જિદ્દી હોવાનો. તેની જીદ સામે અડગ રહેવું, ગુસ્સો કરવું તો સામે સંતાન એવી જ ભાષામાં વાત કરશે. આમ વાતને વધુ વળ ચડશે. સંબંધમાં ખટાશ સર્જાશે. આથી આવા અળવીતરા બાળકોનું માનસ બદલવા વધુ મહેનત અને સતત સમતાને ધીરજ રાખવી પડે છે.

મધ્યમ વર્ગીય પરિવારનો બાળકો માવતરના સંજોગોને સમજે તેનાથી વાકેફ થાય એ જરૂરી છે. પોતાની જરૂરિયાત પૂરી કરવા મમ્મી-પપ્પા સખત જહેમત ઉઠાવે છે. એ એની સમજમાં રહે એ જરૂરી છે. તેમની દરેક ઈચ્છા પૂરી કરવામાં આવે છે એ વિચારોમાં રાચી તેઓ નિરકુંશ, બે લગામ ન થાય એ પણ તેમનામાં સમજમાં આવે એ પણ મહત્વનું છે. મધ્યમ વર્ગીય માતા પિતા મોંઘવારી સામે લડત આપતા મહેનત કરતા હોય છે. એકનો એક સંતાનને કોઈ વાતે ઓછું ન આવે અને તેમની દરેક ઈચ્છા પૂરી કરવા મથતા હોય છે. આની સામે માવતરની એક જ માંગ હોય છે કે દીકરો કે દીકરી અભ્યાસમાં અવલ રહે, સારું પરિણામ લાવે. સગીરાવસ્થામાં પોતાના માતા પિતા કરતાં હમ ઉમ્ર મિત્રો વધુ આત્મીય લાગે છે અને આમ માતા પિતા અને સંતાન વચ્ચે એક અંટસ પડે છે. આવી હાલતમાં માવતરોની કસોટી થાય છે, બોજ પડે છે. આ તિરાડ ભરવા માટે સખત મહેનત, મથામણ અને સમજદારી દર્શાવી પડે છે અને બાળકના મન માનસમાં આ સ્થિતી કાયમી ન રહે એવા સતત પ્રયાસ કરવા પડે છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# કચ્છ સાંધવ નગરે શાંતિનાથ દાદાની શીતલ છાયામાં પર્વાધિરાજ મહાપર્વ પર્યુષણની આરાધના



સાંધવ નગરે શાંતિનાથ દાદાની શીતલ છાયામાં પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. દિકરી મ.સા. પ.પૂ.સાધ્વીશ્રી હીરગુણાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં પર્વાધિરાજ મહાપર્વ પર્યુષણ ઉજવાયા. ૩૦૦ જણની ઉપસ્થિતિમાં કલ્પસૂત્ર ઘરે પધરાવવાનુ ઘૃત મણ ૩૬૦૧, માતુશ્રી જોત્સનાબેન દામજી દંડ, ભાડુંપ પધરાવેલ.



કલ્પસૂત્ર વહોરાવવાનું ઘૃત મણ ૬૦૦૧, માતુશ્રી જયાબેન લક્ષ્મીચંદ દંડ, ભાંડુપ. મોક્ષની બારી ખોલવાનો લાભ માતુશ્રી નિર્મલાબેન નવીનભાઈ લોડાયા, મુલુંડ અને માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ, મુલુંડ અને માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા, મુલુંડ પરિવારે લાભ લીધેલ. પારણું ઝુલાવવાનું ઘૃત મણ ૭૫૫૫ વિરચંદ લાલજી







# કચ્છ સાંધવ નગરે શાંતિનાથ દાદાની શીતલ છાયામાં પર્વાધિરાજ મહાપર્વ પર્યુષણની આરાધના



પટેલ, ગાંધીધામ, પ્રભુજીનું પારણું ઘરે પધરાવવાનું લાભ માતુશ્રી ઝવેરબાઈ પદમશી ખોના પરિવાર ભાંડુપ ઘૃત મણ ૫૫૫૫/-, શ્રી શાલી ભદ્ર પેટીનો લાભ અ.સૌ.મીનાબેન મણીલાલ ખોના હસ્તે દીકરીઓ અ.સૌ.બીનાબહેન પરાગ લોડાયા, હીરલબેન આદિત્ય લોડાયા લાભ લીધેલ. સ્વપ્નાનું ટોટલ ઘૃત મણ ૩૬૮૦૦૦/-. બારસા સૂત્ર વહોરાવવાનો લાભ માતુશ્રી કાંતાબાઈ આણંદજી ખોના, ગાંધીધામ, રંગમંડપ ખોલવાનો લાભ પ્રેમાબેન રતનશી ધરમશી, રંગપુર. ગંભારો ખોલવાનો લાભ જૈનીક, પ્રીશા હીરેન રાયચંદ દંડ. પર્વ દરમિયાન ટોટલ ઘૃત

## સહુ તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના




પર્વની આરાધના કરવા શામજીભાઈ દંડ, નવીનભાઈ લોડાયા, પ્રકાશ લોડાયા, પ્રવીણભાઈ લોડાયા, સંદીપ લોડાયા, જયેશ લોડાયા, મહેશ દંડ, વિપુલ પટેલ, હીતેશ પટેલ, વીરચંદ ખોના, પ્રવીણ મોતા, ઝવેરચંદ ખોના, બિઝેશ ખોના, રાજેશ દંડ, પ્રફુલ દંડ, રાયચંદ દંડ, લક્ષ્મીચંદ દંડ, મુકેશ દંડ, મણીલાલ ખોના, અભય ખોના, નણશી ખોના, દીનેશ લોડાયા, લહેરચંદ ખોના, પ્રદીપ ખોના, જવેરચંદ ખોના, શરદ દંડ, મહેશ ધરમશી, પુનમ દંડ, નીતિન ધરમશી, ચંદ્રેશ સોની, કિંકેશ મૈશેરી, હેમંત મોતા, હીરાચંદ કુરવા, જવેરચંદ ધરમશી, દિપક દંડ, નિલેશ દંડ, દિલીપ લોડાયા, ગુલાબ સોની, પરાગ લોડાયા, ટોકરશી લોડાયા, વર્ધમાન લોડાયા, કાંતિલાલ લોડાયા દેશ દેશાવરથી ૩૦૦ જણની સંખ્યામાં આરાધકો પધાર્યા. કલકતા, ભાગલકોટ, બીજપુર, ગદગ, લોનાવલા, જલગામ, અંકલેશ્વર, વાપી, અમદાવાદ, વડોદરા, સાંગલી, નાંદેડ, ભુજ, ગાંધીધામ, મુંબઈ, ગોરખડી, રંગપુર, દલતુંગી, મોટી ખાવડી, શેવગાંવ.

પંકજ ડાઘા, રાજેશ પટેલ, વિશાલ લોડાયા, સ્મીત પટેલ, સમતા લોડાયા, ચાંદની લોડાયા, કીન્નરી ગાલા, વૈશાલી દંડ, પલક પટેલ સર્વ કાર્યકર ભાઈએ સારી જહેમત ઉઠાવેલ.

મણ ૫૧૦૦૨૯/- મણ થયેલ. કુમારપાળ રાજા બનાવવાનો લાભ અ.સૌ.પલ્લવી ધીરેન ખોના પરિવારે લીધેલ. છઠ્ઠના બપોરના અઢાર અભિષેક રાખવામાં આવેલ એમનો લાભ મીત દેવેન નવીન લોડાયા અને શ્રેયાંશ અજીત નવીનભાઈ લોડાયા અમેરિકા લીધેલ. પર્વ દરમિયાન આઠ દિવસમાં ૧૩૭ આયંબીલ તપ, ૨૮૦ એકાસણ, ૩૪ ઉપવાસ એક જણ, સિધ્ધીતપ એક જણ, ૧૬ ઉપવાસ ૭ જણ, ૧૪ ઉપવાસ ૧ જણ, ૯ ઉપવાસ ૧ જણ, ૮ ઉપવાસ ૧૪ જણ. પાંચમના એક ઉપવાસવાળા ૩૫ જણ હતા.

# કચ્છ સાંધવ નગરે શાંતિનાથ દાદાની શીતલ છાયામાં પર્વાધિરાજ મહાપર્વ પર્યુષણની આરાધના



પર્વ દરમિયાન સાર્ધમિક ભક્તિનો લાભ માતુશ્રી ઝવેરબાઈ પદમશી ખોના પરિવાર, ભાંડુપ લીધેલ છે. ચાર્તુમાસ કરાવવાનો લાભ માતુશ્રી ઝવેરબાઈ પદમશી ખોના પરિવાર, ભાંડુપ. તા.૨ સપ્ટેમ્બરના દાદરથી ભુજ ટ્રેન દ્વારા ટિકિટના તેમજ ભુજથી તા.૩ સપ્ટેબરના સાંધવ



બસ દ્વારાનો લાભ શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા ઘાટકોપર શેઠશ્રી શામજી નરશી દંડ પરિવાર મુલુંડ લીધેલ. તા.૧૩ સપ્ટેમ્બરના સાંધવથી પંચતિથિ કરાવવાનો ભુજ સુધી કોટડા રોહા, નાના રતાડીયા, બિદડા, બોંતેર જીનાલય, ભુજોડી વર્ધમાન નગર તેમજ સાંધવમાં આરાધક ભાઈ બહેનોને પંચતિર્થી કરાવવાનો, સાંધવથી, દેઢિયા, દેઢીયા તીર્થ, મેરાવા, ગોધરા, શિવમસ્તુ, માંડવી, કાંડાગરા, બોંતેર જીનાલય, ગઢશીશા, કોટડાનો લાભ માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ અને માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા મુલુંડ પરિવારે લાભ લીધેલ.



## તપસ્વીઓની નામાવલી

**૩૪ ઉપવાસ**

અનીતાબેન જેઠાલાલ દંડ, સાંધવ

**સિધ્ધિ તપ**

હિરલ રોકી લોડાયા, સાંધવ-દિવા

**૧૬ ઉપવાસ**

રેખાબેન દિલીપ લોડાયા, સાંધવ-ભુજ
નવીનચંદ્ર ઠાકરશી મૈશેરી, નાનીસિંધોડી-અંકલેશ્વર
કાંતિલાલ પદમશી મોતા, નલીયા-ગદગ
રમીલાબેન મોહનલાલ સોની, નલીયા-ભાંડુપ
હંસાબેન રૂપશી લોડાયા, ગોરખડી
તન્વી પંકજ ડાઘા, વરાડીયા-સાંધવ
પલ્લવી ધીરેન ખોના, નલીયા-મુલુંડ

**૧૪ ઉપવાસ**

યશ હિરેન લોડાયા, નલિયા-ડોંબિવલી

**૯ ઉપવાસ**

વિપુલ ઠાકરશી પટેલ, સાંધવ-મુલુંડ

**૮ ઉપવાસ**

જીલ રાજેશ દંડ, સાંધવ-ભાંડુપ
અભય પદમશી ખોના, સાંધવ-ભાંડુપ
જયશ્રી વિરચંદ પટેલ, સાંધવ-ગાંધીધામ
મૌક્ષીલ હિતેશ પટેલ, સાંધવ-મુલુંડ
ખુશ ચેતન લોડાયા, સુથરી-મુલુંડ
હિરાચંદ કુંવરજી કુરૂવા, ગોધરા-મસ્જિદબંદર
હિરાચંદ કેશવજી પીર, બાયઠ-ભાંડુપ
હિરાબાઈ શામજી લોડાયા, મંજલ રેલડીયા-ભાંડુપ
વિશાલ દિલીપ લોડાયા, સાંધવ-ભુજ
નીતિન કેશવજી ધરમશી, સાંધાણ-ડોંબિવલી
નીતા નિલેશ ધરમશી, સેવક ભરૂડીયા-ડોંબિવલી
કલ્પનાબેન પ્રતાપ ધરમશી, સાંધાણ-ડોંબિવલી
વર્ષાબેન ખીમજી દંડ, મંજલ રેલડીયા-ડોંબિવલી
રોહિત કાંતિલાલ ગાલા, ભોજાય

# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલીની સાંસ્કૃતિક સમિતિ દ્વારા
# એક શામ દેશ કે નામથી ઓનલાઈન ગેમ શો યોજાયો







શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબિવલીની સાંસ્કૃતિક સમિતિ દ્વારા મંડળનું ૪૪મુ બર્થડે એટલે કે મંડળના સ્થાપના દિવસે એક શામ દેશ કે નામ રૂપે ઓનલાઈન ગેમનું આયોજન કરેલ. લગભગ ૧૫૦ જણાએ ભાગ લીધેલ. દેશભક્તિના ગીતો ઉપર નૃત્ય સાથે ભૂલકાંઓ તો શું મોટેરાઓએ પણ હોંશભેર જોડાયા અને પોતાના ઘરેથી વિડિયો બનાવી ટીમને પાઠવેલ. ઝૂમ એપ દ્વારા સામાન્ય જ્ઞાન વિશે પણ સવાલ જવાબનો રાઉન્ડ કરાવેલ. દાતા સ્વ.ખુશી રવીન્દ્ર કાંકરિયા તરફથી બધા વિજેતાઓને રોકડ ઈનામ તથા સર્ટીફીકેટથી નવાજવામાં આવેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા દીનાબેન મૈશેરી, કેયુર લાપશીયા, ધનિષ્ઠા ધરમશી અને મંડળની પૂરી ટીમનો ખુબજ સહયોગ રહ્યો હતો. એમ સાંસ્કૃતિક સમિતિ વતિ મનીષા મોમાયા અને કેયુર લાપશિયાએ અખબારી યાદીમાં જણાવેલ.



## તામિલનાડુ ગુજરાતી સમાજ દ્વારા દર્પણ રાજીવ મોમાયાનું સન્માન કરાયું




દર્પણ રાજીવ મોમાયા વરાડિયા-હાલે તિરૂપુરએ બારમા ધોરણની પરીક્ષામાં ૯૩.૫ ટકા મેળવેલ છે. તેમનું તા.૨૬ સપ્ટેમ્બર રવિવારના સાલેમ ગુજરાતી સમાજના આતિથ્યમાં તામિલનાડુ ગુજરાતી સમાજનો સરસ્વતી સન્માન યોજાયેલ એમાં ટ્રોફી આપી સન્માન કરાયું. હાલ તેઓ લાઈડલાવ સ્કૂલ ઊટીમાં આગળનો અભ્યાસ કરે છે.

## શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની ૩૩મી પુણ્યતિથિએ સામૂહિક અઠ્ઠમ તપ અભિયાન



શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ દ્વારા ભારત દિવાકર, રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની ૩૩મી પુણ્યતિથિ પ્રસંગે ભારતભરના અચલગચ્છીય શ્રી સંઘો મહાજનોમાં સામૂહિક અઠ્ઠમ તપ અભિયાન ભાદરવા વદ અમાસ, આસો સુદ એકમ તથા બીજ તા.૫ ઓક્ટોબર, ૬ ઓક્ટોબર તથા ૭ ઓક્ટોબરના થશે. આ આરાધનામાં પૂજ્યશ્રીઓ તથા શ્રી સંઘો મહાજનોને નમ્ર વિનંતી કે વધુમાં વધુ તપસ્વીઓને જોડાવવા પ્રેરણા કરશોજી.

અઠ્ઠમ તપ ભાવનાના લાભાર્થી શ્રી અચલગચ્છ જૈન સંઘ મુલુંડ (પૂર્વ). આપણા સહુના પરમ ઉપકારી ગુરૂગુણ ઋણ અદા કરવા બહોળી સંખ્યામાં અઠ્ઠમ તપના આ ઉત્કૃષ્ટ આયોજનમાં જોડાય એવી આગ્રહ ભરી વિનંતી. આપના નામ આપ જે સંઘમાં આરાધના કરતા હો તે સંઘમાં નોંધવશો. શ્રી સંઘો, મહાજનોને વિનંતી કે આપ તપસ્વીશ્રીઓના નામ આપના શ્રી સંઘના લેટર પેડ ઉપર લખી તા.૬ ઓક્ટોબર સાંજ સુધી વોટ્સએપ દ્વારા મો.નં.૭૦૨૦૪૨૫૮૩૫માં મોકલવા.

તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રથમ પુણ્યતિથિએ આયોજાયેલ અઠ્ઠમ તપમાં જોડાયેલા ૧૨૫૦ આરાધકો અને એમને પ્રભાવના આપી અભિવંદના કરનાર લાભાર્થી પરિવાર સંઘ માતા દમયંતીબેન મૂરજી રતનશી ગડા પરિવાર, નાના રતાડિયા-મુલુંડના સુકૃતની ભૂરી ભૂરી અનુમોદના.

## ભુજોડી વર્ધમાન નગરે એક પુણ્યવંત ગુરૂભક્ત પરિવારે ૪૮ લાખ રૂપિયાની દાન રકમ જાહેર કરી

તા.૨૬ સપ્ટેમ્બર રવિવારના દિને ભુજ પરિસરના ભુજોડી નગરના વર્ધમાન નગર સંઘમાં બપોરે ૨ કલાકે જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રથમ વાર્ષિક પુણ્ય તિથિએ અજોડ શાસન પ્રભાવક, ૨૧મા વર્ષીતપના તપોનિધિ પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં આધિ વ્યાધિ ઉપાધિનાશક મનોવાંછિત વિશિષ્ટ મંત્ર યુક્ત પદ્માવતી મહાપૂજન ભવ્યતાથી કરવામાં આવ્યું.

આ ભવ્ય ધર્મ આરાધનાના અવસરે એક પુણ્યવંત ગુરૂભક્ત પરિવારે પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં કોઈક તીર્થ ભૂમિ પર જો સામુદાયિક ચાર્તુમાસ થાય તો ૪૮ લાખ રૂપિયાની દાન રકમ જાહેર કરી હતી.

દાતા પરિવારની આ પ્રસંગે ભૂરી ભૂરી અનુમોદના કરાઈ.

# રચના મહિલા મંડળનો ૩૨મા વર્ષમાં શાનદાર પ્રવેશ થયો



રચના મહિલા મંડળએ શાનદાર રીતે ૩૧ વર્ષ પૂર્ણ કરી ૩૨મા વર્ષમાં પ્રવેશ કર્યો. આ નિમિત્તે તા.૨૫ સપ્ટેમ્બર શનિવારના વાર્ષિક કાર્યક્રમ યોજાયો.

કાર્યક્રમ પ્રારંભ નવકાર મંત્રના સ્મરણથી કરાયો. સૌને ક્ષમાપના કરી પછી તપસ્વીઓનું બહુમાન કરાયું. સંગીતના સથવારે રમતગમતનો પ્રોગ્રામ ૬૦ સભ્યો સાથે મોજપૂર્વક થયો. અલ્પાહારના દાતા શ્રીમતી કલ્પનાબેન સોમચંદ લોડાયાએ લિજ્જતદાર વાનગીઓનો રસથાળ પીરસ્યો. તેમનો આભાર મંડળના સ્થાપક શ્રીમતી ધનબાઈ લખમશી મોતાએ માન્યો હતો. રમતગમતના આનંદની ખુશી ભરી પળો વાગોળતાં સૌ છૂટા પડ્યા હતા ફરી વહેલી તકે મળવાના વાયદા સાથે આમ સૌ સભ્યોના સાથ સહકારથી વાર્ષિક કાર્યક્રમ સફળતાને વર્યો હતો.



# પારોલા નગરની ધન્ય ધરા પર ૪૫ આગમ સ્થાપના પ્રસંગે પધારવાનું આમંત્રણ

ખાનદેશની ખમીરવંતી ધન્યધરાના પારોલા નગરના શ્રી ક.દ.ઓ.શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન શ્રી સંઘના આંગણે તા.૧૪ નવેમ્બર રવિવારના ૪૫ આગમ સ્થાપના સાથે સૂરિમંત્ર પંચ પ્રસ્થાન પીઠિકાની સ્થાપના કરવામાં આવશે. આ પંચમ કાલે જેટલું મહત્વ જિનબિંબનું છે એટલું જ મહત્વ જિનાગમનું છે માટે શાંતમૂર્તિ પ.પૂ.સાધ્વીશ્રી નિરંજનાશ્રીજી મ.સા.ના શિષ્યા પરમ વિદુષી પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની પાવનકારી નિશ્રામાં જિનાગમની ભક્તિ કરવા ખાનદેશ પ્રાંતના હૃદય સમ્રાટ પારોલા તીર્થ મંડન શ્રી શાંતિનાથ દાદાના દરબારે સૌ ભાગ્યશાળીઓને પધારવાનું નેહભર્યું આમંત્રણ શ્રી ક.દ.ઓ.શ્વે.મૂર્તિપૂજક જૈન શ્રી સંઘ પારોલાના ટ્રસ્ટીગણ તથા કારોબારી કમિટી તરફથી અપાયું છે. અવસરને ચૂકશો નહીં, આવવાનું ભૂલશો નહીં, ધર્મભાવનાનો આ પ્રસંગ છે એ વાતને વિસરશો નહીં.

# ભાંડુપ સંઘમાં યુવા મુનિ શ્રી મહારાજનો ઉતરાધ્યાન સૂત્ર વિષયે મનનીય પ્રવચન

તા.૨૬ સપ્ટેમ્બર રવિવારના ભક્તિમય ધામ ભાંડુપ નગર સંઘમાં પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.નો વ્યાખ્યાન ઉતરાધ્યાન સૂત્રના વિષય પર મનનીય રીતે આપ્યો. આ ૧.૨૦ કલાકનો પ્રવચન યુટ્યૂબ લિંક https://youtu.be/wGbtjoicbac ઉપર સાંભળી માણી શકાશે.

## અચલગચ્છીય તિથિ પત્રિકા પંચાગ પ્રકાશનમાં લાભ લેવાના નકરા

દર વર્ષે મુજબ આ વર્ષે પણ શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘ દ્વારા વિક્રમ સંવત ૨૦૭૮ના અચલગચ્છીય તિથિ પત્રિકા પંચાગ નાની બુકલેટ તથા બુકલેટ ટાઈપ પ્રસિધ્ધ કરવામાં આવશે. શ્રી સંઘ, મહાજન, ટ્રસ્ટ અને વ્યક્તિગત રૂપે સૌ આ પંચાગ પ્રકાશનનો લાભ લઈ શકે તે માટે નીચે મુજબ પ્રમાણે નકરા રાખવામાં આવેલ છે. લાભાર્થીનું નામ પંચાગમાં પાછળ છાપવામાં આવશે.

બુકલેટ ટાઈપ મોટા પંચાગ ૧ હજાર નકલના રૂા.૭૫૦૦/-, ૫૦૦ નકલના રૂા.૪૦૦૦/- તથા નાના પોકેટ પંચાગ એક હજાર નકલના રૂા.૫૫૦૦/- તથા ૫૦૦ નકલના રૂા.૩૦૦૦/-.

## સુથરી તીર્થના તપસ્વી તારલાઓની ભવ્ય તપસ્યા આરાધના

અબડાસા પંથકના સુથરી તીર્થ સંઘમાં તપસ્વી તારલાઓએ ભવ્ય તપસ્યા આરાધના કરી હતી. જેમાં ૧૦ ઉપવાસ શ્રીમતી પારૂલબેન લિતીન મોમાયા, અઠાઈ તપ કરનાર શ્રીમતી કિંજલ પ્રતિક દોશી, શ્રી વાલજી લાલજી ધરમશી, શ્રીમતી જયશ્રીબેન જયેશ પીર અને શ્રીમતી ધ્વનિ પ્રિયેશ પીર, જીરાવલ્લી તપ-૧૫ એકાસણા કરનાર તપસ્વી શ્રીમતી તારાબેન મહેન્દ્રભાઈ પીર, દોઢ માસ એકાસણા કરનાર મંજુલાબેન મુરજી સાયલા, જયાબેન તુષાર છેડા તથા વાસંતીબેન મણિલાલ મોમાયા (૨ માસ), ૩ ઉપવાસ+પાંચ એકાસણા કરનાર તપસ્વી રમેશભાઈ હીરજી લોડાયા તથા ૯ આયંબિલ કર્યા શ્રીમતી પ્રજ્ઞાબેન વિજય ધુલ્લા.

## ૧૨ વર્ષથી વધુ વયની બાલિકાઓ માટે ડોંબિવલી સુવિધિનાથ દરબારે પંચ દિવસીય જ્ઞાન સત્રનું આયોજન

પ.પૂ.સાધ્વીશ્રી નિરંજનાશ્રીજી મ.સા.ના શિષ્યા, પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ૧૨ વર્ષથી ઉપરની બાલિકાઓ માટે ડોંબિવલી સુવિધિનાથ દરબારે તા.૫ નવે.થી તા.૧૦ નવેમ્બર સુધીની પંચ દિવસીય જ્ઞાન સત્રનું આયોજન કરાયું છે. શિબિર સ્થળ શ્રી કલ્પતરૂ અચલગચ્છ ઉપાશ્રય, શ્રી સુવિધિનાથ જૈન દેરાસર, નવજીવન હોસ્પિટલ પાછળ, માનપાડા રોડ, ડોંબિવલી (ઈસ્ટ). શું આ આપણી સંસ્કૃતિ છે? વિષમકાળમાં વિલાસી વાતાવરણમાં વોટસએપ, ઈન્સ્ટાગ્રામ અને ફેસબુકના ત્રિવેણી સંગમમમાં ઉલઝી ગયેલી ઓ બહેનો.

સમ્યક દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપી રત્નત્રયીની રંગત જાણવા ફ્રેન્ડ, ફેશન અને ફોરવર્ડના ત્રિભેટે ઉભેલી ઓ બાલિકાઓ.

સુદેવ, ગુરૂ ધર્મ રૂપ તત્વત્રયીની સંગત માણવા મોડેલિંગ, માર્કેટિંગ અને મોર્ડનાઈઝીંગના ત્રિમાર્ગે અટવાયેલી હે આર્ય સન્નારીઓ. સંસારની દરેક ફિલ્ડમાં તું આગળ આવવા મથી રહી છે. મોર્ડન જમાનાની સાથે તાલ મિલાવવા તારાશીલ સદાચારની મર્યાદાને વિસરી રહી છે. ત્યારે વિસ્તૃત થયેલી સંસ્કૃતિને જાગૃત કરવા સંવેદનાના ફૂલોને હૃદયબાગમાં ખીલવવા શાસન સેવિકાની ટ્રેનિંગ લેવા આધુનિકતામાં અધ્યાત્મનો રંગ લગાવવા આ ૧૨ વર્ષીય ઉપરની બાલિકાઓ માટે પાંચ દિવસીય જ્ઞાન સત્રમાં જરૂર જોડાય.

જલ્દીથી જલ્દી ગૂગલ લિંક https://forms.gle/FMXa5wvqTAFhfucm7 પરથી ફોર્મ ભરવા. વધુ વિગત માટે રીટાબેન મારૂ-૦૯૮૩૩૪૦૪૮૬૪, વિરાલીબેન નાગડા-૦૯૮૭૦૮૨૨૫૭૦, શિલ્પાબેન ફૂરિયા-૦૯૯૬૭૨૯૬૮૩૦

## પૂજ્ય ગુરૂદેવના દર્શન વંદનાર્થે ભાંડુપ સંઘમાં ભક્તોની સતત પધરામણી

પ.પૂ.ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. એવં યુવા મુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના દર્શન વંદનના હેતુસર તા.૨૫ સપ્ટેમ્બર શનિવાર ૬ સંઘ અને તા.૨૬ સપ્ટેમ્બર રવિવારે ૧૧ સંઘ પધાર્યા હતા. આમ બે દિવસમાં ૧૭ સંઘોના કુલ્લ ૬૦૦થી વધુ ભાવિકો લોકો ભાંડુપ સંઘના આંગણે પધારી ગુરૂદેવના આશીર્વાદ ગ્રહણ કર્યા. આપ પણ આવો અને ગુરૂ સાંનિધ્ય પ્રાપ્ત કરી ગુરૂ આશિષ લઈને પોતાના જીવનને ધન્ય બનાવો. એટલે જ ગુરૂ ભક્તો ગાય છે કે ''ગાંવ ગાંવ સે હોતા હૈ ગુરૂભક્તો કા ભાંડુપ મેં આના, ક્યોંકિ ઉદય ગુણ ગુરૂવર હૈ સાક્ષાત ખુશિયોં કા ખજાના.''

# સાંધવ જ્ઞાતિ મહાજન તરફથી ઉપકાર ભરી અનુમોદના કરાઈ

અબડાસા પ્રદેશના સાંધવ નગરના દીકરી પ.પૂ.સાધ્વીશ્રી હિરગુણાશ્રીજી મ.સા.ની નાદુરસ્ત તબિયતને કારણે અમદાવાદની સીમ્સ હોસ્પિટલમાં દાખલ કર્યા ત્યારથી અને ઓપરેશન થયું. ત્યાર સુધી પડે પગે એવા આપનારા અમદાવાદના ડોક્ટર ધીરેનભાઈ શાહ રામાણિયા કચ્છ, અચલગચ્છ જૈન સંઘના વડીલ ટ્રસ્ટી ટોકરશી કેશવજી મારૂ, શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદના ટ્રસ્ટી ચંદ્રકાંત બાબુભાઈ લોડાયા, મંત્રી રાજેશ ખીમચંદ ધરમશી અને નવયુગ યુથ ફોરમના કાર્યકર ભાઈઓ એ જહેમત ઉઠાવેલ. તે માટે એ સૌનો સાથ સહકાર માટે ઋણ સ્વીકારી તેઓ સૌની શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સાંધવના પ્રમુખશ્રી શામજી નરશી દંડ દ્વારા ભૂરી ભૂરી અનુમોદના કરાઈ છે.

# જૈન ધર્મ વિષય પર Ph.D. કરતા વિદેશી અભ્યાસુ ભાંડુપ સંઘમાં ગુરૂદેવ સાથે સત્સંગ કર્યો

યુનાઈટડ સ્ટેટ ઓફ અમેરિકાના કેલીફોર્નિયા શહેરમાં રહેતા તથા યુનિવર્સિટી ઓફ લંડનમાં અભ્યાસ કરતા એરિક ડેનિયલ વિલોબસ નામના અભ્યાસુ વ્યક્તિ જૈન ધર્મ વિષય પરથી તેની ઉપર Ph.D. કરી રહ્યા છે. આ સંબંધી વિશેષ માર્ગદર્શન અને સંશોધન કાજે ઈન્ડિયા આવેલ છે. આ સંદર્ભે ભાંડુપમાં બિરાજમાન ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. એવમ યુવામુનિ પ.પૂ. શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. સાથે સાંનિધ્ય કરવા પધારેલ.

અંદાજે દોઢ કલાક ગુરૂદેવ સાથે વિવિધ વિષયો પર સત્સંગ કર્યું અને તેઓના પ્રશ્નોના સંતોષપૂર્વક સમાધાન મેળવ્યું. વિદેશી અભ્યાસુ એ ગુરૂ પાસેથી જ્ઞાન અને સમજણ મેળવીને પોતાની ખુશી વ્યક્ત કરી હતી. આ મુલાકાત માટે લેંગ્વેજ ટ્રાન્સલેટર તરીકે ઠાકુર દ્વારના મનિષભાઈ મોદી માધ્યમ બન્યા હતા. તે માટે તેમની અઢળક અનુમોદના.

# ભાંડુપ સંઘમાં શ્રી પાર્શ્વનાથ દાદા લબ્ધિ કળશની ઉલ્હાસભેર પધરામણી

તા.૨૬ સપ્ટેમ્બર રવિવારના સાધના સમ્રાટ ધ્યાન યોગી ગુરૂદેવ પ.પૂ.મુનિ શ્રીઉદયરત્નસાગરજી મ.સા., પ્રખર ઓજસ્વી વ્યાખ્યાન વાચક પ.પૂ.મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં શ્રી ભાંડુપ સંઘ અનંત સિધ્ધિ ઉપાશ્રય મધે માતુશ્રી મેઘબાઈ કેશવજી લોડાયા પરિવાર બાયઠ, માતુશ્રી કસ્તુરબેન તિલકચંદ મોમાયા પરિવાર નલિયા, શ્રીમતી વિણાબેન ઝવેરચંદ લોડાયા ઘરેથી સવારના ૯ કલાકે વાજતે ગાજતે શ્રી પાર્શ્વનાથ દાદા લબ્ધિ કળશની ઉલ્હાસભેર પધરામણી થઈ. ૯.૩૦ કલાકે જાપ થયા. સંપૂર્ણ દિવસ મંત્ર જાપ અને સાંજે ૮ થી ૯ ભક્તિ ભાવના ભવ્ય રીતે થઈ.











# તેરા તીર્થે આયંબિલની ઓળી કરવાનું ભાવભર્યું નોંતરું

તેરા તીર્થે જીરાવલ્લા પાર્શ્વનાથ પ્રભુજીના શીતલ છાયામાં પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન તેરાના સાંનિધ્યમાં શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ આયોજિત શાશ્વત આસો માસની નવપદની ઓળી કરવા પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

સોમવાર તા.૧૧ ઓક્ટોબર આસો સુદ ૬ના અતર વાયણા, તા.૧૨ ઓક્ટોબર મંગળવાર આસો સુદ ૭ થી આસો સુદ પુનમ તા.૨૦ ઓક્ટોબર બુધવાર સુધી આયંબિલ ઓળી તા.૨૧ ઓક્ટોબર ગુરૂવારે આસો વદ એકમ તિથિ દિને તપસ્વીઓના પારણા થશે.

જે પણ આરાધકને તેરા તીર્થધામમાં આયંબિલની ઓળી કરવાની ભાવના હોય તેઓ જરૂરથી પધારશોજી. ઓળી કરાવવાનો સંપૂર્ણ લાભ ભાગચંદ દામજી જૈન ધરમશી પરિવારે લીધેલ છે. મુંબઈથી આવવા જવાની ટિકીટ પોતાની રીતે કઢાવવાની રહેશે. ટિકીટના રૂપિયા તેરા તીર્થમાં આપવામાં આવશે. જેમની ભાવના હોય તેઓ એ સંપર્ક કરવા વિનંતી. કચ્છવાળાને પણ ઈચ્છા હોય તો જણાવશોજી. સંપર્ક ગોવિંદજી પટેલ-૯૮૨૦૫૪૦૯૪૯ તથા કિરણ દંડ-૯૮૩૩૮૦૮૨૪૪.

# પૂજ્ય મહારાજ સાહેબની પ્રેરણાથી એકસો ઘરમાં પાર્શ્વનાથજી સીમંધર સ્વામીજી ગૌતમ સ્વામીની પ્રતિમા બિરાજમાન થશે

ભાંડુપ નગર સંઘમાં ચાતુર્માસે બિરાજમાન ગુરૂદેવ પ.પૂ.ઉદયરત્નસાગરજી મ.સા.ની પ્રેરણાથી લગભગ ૧૦૦ ઘરોમાં પાર્શ્વનાથજી સીમંધર સ્વામીજી ગૌતમ સ્વામીજીની દિવ્ય પ્રતિમા દર્શનીય રૂપે બિરાજમાન થશે.

પ્યુર માર્બલની સુંદર આકર્ષક અને પવિત્ર ભાવની મુખાકૃતિવાળી આ ભવ્યાતિભવ્ય પ્રતિમાજીના ઘરમાં દરરોજ ફક્ત દર્શન વંદન કરવાથી પોઝિટીવ વાઈબ્રેશન મળે છે. મન પ્રફુલ્લિત થયા છે. તમામ રીતે ડિવાઈન એનર્જીનો અનુભવ થાય છે. આવી પ્રતિમા દરેક ઘરમાં બિરાજમાન થવી જોઈએ. ઘરમાં દર્શનીય ભગવાન રાખવાથી કોઈ પ્રકારની આશાતના થતી નથી એ બાબત લક્ષ્ય રાખવી જોઈએ.

જે કોઈ શ્રાવક શ્રાવિકાઓ પોતાના ઘરે ઘર મંદિરમાં દર્શનીય ભગવાનની પ્રતિમાજી રાખવાની ઈચ્છા ધરાવે છે તેઓ એ પોતાના નામ અબઘડી લખાવી લે. જે માટે મનોજભાઈ લોડાયા-૯૮૩૩૦૩૯૯૮૦નો સંપર્ક કરી નામ લખાવી દે.

મૂર્તિ માટે નકરો ૧૧ ઈંચ રૂા.૯૯૯૯, ૯ ઈંચ રૂા.૮૮૮૮ તથા ૮ ઈંચ માટે રૂા.૭૭૭૭ છે.

# કેડીઓ જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા હેલ્ધી કેડીઓ સિઝન-૧૦નું આયોજન




શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા હેલ્થ, ફિટનેસ કેમ્પ, એક્સસાઈઝ યોગ અને મેડિટેશન વિગેરેનો કેમ્પ હેલ્ધી કેડીઓ સિઝન-૧૦ની શરૂઆત તા.૪ ઓક્ટોબર સોમવારથી થઈ રહી છે. અઠવાડિયામાં ૩ દિવસને કુલ્લ ત્રણ માસ સમય અવધિનો આ કેમ્પ છે. જેની કોર્સ ફી રૂા.૧૮૦૦ છે અને જે સવારના ૬.૩૦ થી ૭.૩૦ દરમ્યાન વિરજી જીવરાજ મેપાની હોલ દેવપુંજ મુલુંડમાં થશે. આ કોર્સમાં જોડાવવા ઈચ્છુ સંદીપ શાહ-૯૮૬૭૧૬૭૩૮૭ તથા મહેશ દંડ-૯૭૬૯૨૬૦૭૩૯નો સંપર્ક કરવો. એડમિશન વહેલો તે પહેલોના ધોરણે રહેશે.

# તેલંગણાના કચ્છીઓની માંગ કચ્છને હૈદરાબાદ સાથે જોડતી ટ્રેનસેવા શરૂ કરો

કચ્છને હૈદરાબાદ-સિકંદરાબાદ સાથે જોડતી ટ્રેનસેવા શરૂ કરવા માટે રેલવે યાત્રી સેવા સમિતિના અધ્યક્ષને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરાઈ હતી.



જાગીર ફાઉન્ડેશનના સંસ્થાપક રિદેશ જાગીદાર, જૈન રાજનીતિક ચેતના મંચના અધ્યક્ષ આર.કે.જૈન, ગુજરાતી બ્રાહ્મણ સમાજના અધ્યક્ષ તરૂણ મહેતા, પરમેશ્વરી વર્મા સહિતના પ્રતિનિધિ મંડળે રેલવે યાત્રી સેવા સમિતિના રમેશચંદ્ર રત્નને રૂબરૂ મળી ભુજ કે ગાંધીધામથી હૈદરાબાદ-સિકંદરાબાદને જોડતી ટ્રેનસેવા શરૂ કરવાની માગણી કરી હતી. કચ્છ-ગુજરાતના લગભગ પાંચ લાખથી વધુ લોકો હૈદરાબાદ-સિકંદરાબાદ તેમજ તેલંગાણા અને આંધ્રપ્રદેશના અન્ય જિલ્લામાં વસવાટ કરે છે. તેમને પ્રસંગોપાત કચ્છ-ગુજરાત સીધી ટ્રેનસેવા ન હોતાં તેમને પારાવાર મુશ્કેલીઓ વેઠવાનો વારો આવતો હોય છે. તદુપરાંત સિકંદરાબાદથી સોમવાર માટે ટ્રેનસેવા શરૂ કરવાનીય માગણી કરાઈ હતી. આવેદનપત્ર સ્વીકારતાં રમેશચંદ્ર રત્નએ આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. નોંધનીય છે કે, આ પૂર્વે પણ કચ્છી સમાજ હૈદરાબાદ દ્વારા વખતોવખત રેલવેમંત્રી તેમજ રેલવે તંત્રના ઉચ્ચાધિકારીઓને આ મુદ્દે રજૂઆત કરાઈ તેનું કોઈ યોગ્ય નિરાકરણ આવ્યું નથી.

# ભુજોડી વર્ધમાન નગર સંઘમાં મહારાજ સાહેબની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે પુશ્વરણ યુક્ત પદમાવતી મહાપૂજન કરાયું










કચ્છ પ્રદેશના ઐતિહાસિક પાટનગર ભુજ પરિસરના ભુજોડી ગામના વર્ધમાન નગર સંઘમાં વિમલનાથ દાદાના પાવન સાંનિધ્યમાં અજોડ શાસન પ્રભાવક, ૨૧મા વર્ષી તપના તપોનિધિ, સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ. આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની આત્મીય નિશ્રામાં જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરજી મ.સા.ની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે પુશ્વરણ યુક્ત પદમાવતી મહાપૂજન સંપન્ન થયું. પૂજન ધર્મ આરાધના પ્રસંગે વર્ધમાન નગર ચાતુર્માસના મુખ્ય લાભાર્થી પરિવારનું બહુમાન કરવામાં આવ્યું.

# શ્રી કોઠારા જૈન મહિલા મંડળ દ્વારા ચાર દિવસીય ગુજરાત ટ્રીપ યોજાઈ



શ્રી કોઠારા જૈન મહિલા મંડળના ઉપક્રમે સપ્ટેમ્બર માસના પ્રોગ્રામ અંતર્ગત તા.૨૨થી ૨૫ સુધીની ગુજરાત ટ્રીપ એસી બસ દ્વારા થઈ. જેમાં મણિલક્ષ્મી તીર્થ દર્શન અને કેવાડિયા ખાતે સરદાર સરોવર સ્થિત લોંખડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જગમશહૂર વિક્રમી પ્રતિમા નિહાળવાનો આયોજન સૌને માટે રોમાંચક બની રહ્યો.

આ યાત્રા પ્રવાસમાં પર બહેનો જોડાઈ હતી. હર હમેંશની જેમ આ કાર્યક્રમ આનંદ અને ઉમંગ સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી, મણિલક્ષ્મી તીર્થ, સાથે કેનલપુર, પોઈચા, વરણામા, સુમેરૂ, અણસ્તુ પણ સામેલ કરાયા હતા. અણસ્તુ તીર્થમાં ઉત્કૃષ્ટતા ભાવભેર ઢોલ શરણાઈ સાથે વાજતે ગાજતે ભગવાનને છાબધરી પ્રભુ જુહારી ભક્તિ કરી. દાતા પરિવારોના સહયોગથી આ યાત્રા પ્રવાસને ચાર ચાંદ લાગી ગયા જે સૌનો મંડળ દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરાયો.

સૌ કમિટી મેમ્બરોએ યથાયોગ્ય સાથ સહકાર આપી આ આયોજનને સફળ બનાવેલ શ્રી શાંતિનાથ ભગવાનના આશીર્વાદથી યાત્રા પ્રવાસ નિર્વિઘ્ને પરિપૂર્ણ થયેલ.






**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# કેડીઓ જૈન જ્ઞાતિ બેંગ્લોર દ્વારા પર્યુષણ પર્વની ભાવપૂર્વક ઉજવણી થઈ





શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ બેંગલોર દ્વારા જે.પી.નગર સ્થિત કચ્છી ભવનમાં પર્યુષણ મહાપર્વની ભાવપૂર્વક ઉજવણી થઈ. હાલે કોરોનાના કપરાકાળ પરિસ્થિતિને કારણે સાવધાનીપૂર્વકના પગલાં લઈ અને ધર્મ આરાધનાઓ થઈ.

શુક્રવાર તા.૧૦ સપ્ટેમ્બરના ઝૂમ એપ ઉપર ધાર્મિક કોમ્પિટિશનનું આયોજન થયું. જેમાં વય ગટ મુજબ બાળકો ઉત્સાહિત થઈ સહભાગ લીધો હતો.

તા.૧૧ સપ્ટેમ્બર શનિવારને પાંચમ તિથિના બારાસાઓ સૂત્ર વાંચન થયા. પાંચ જ્ઞાન પૂજા પછી જયાનગર દેરાસરના રોહિત ગુરૂજીએ બારસા સૂત્ર વાંચન સાથે મનનીય રીતે વિવેચન આપ્યું. જયા નગર જિનાલયે ચૈત્ય પરિપાટી માટે ભાવિક ગયા હતા.

તા.૧૨ સપ્ટેમ્બર રવિવારના સવારે નવકારશી કીર્તિ ધનજી ધરમશી પરિવાર તરફથી તેમની પૌત્રી વૃધ્ધિ વીરેન ધરમશીની અઠ્ઠાઈ નિમિત્તે રાખવામાં આવેલ. ભક્તિ સંગીતની રસ લ્હાણમાં સૌ મંત્રમુગ્ધ થઈ ડોલી ઉઠ્યા હતા. સામૂહિક ક્ષમાપના, તપસ્વી બહુમાન અને પ્રાઈઝ ડિસ્ટ્રયુબિશન બાદ સ્વામિ વાત્સલ્યનો લાભ સૌ એ લીધો હતો.

અઠ્ઠાઈ તપના તપસ્વીઓ શ્રીમતી દક્ષા કિરીટ લોડાયા, શ્રીમતી મનિષા ધિરીશ લોડાયા, શ્રીમતી નીલા પ્રશાંત ખોના, કુમારી વૃધ્ધિ વીરેન કીર્તિભાઈ ધરમશી, શ્રીમતી માનસી સુશાંત લોડાયા અને શ્રીમતી દિવ્યા ચંદ્રેશ લોડાયા.

સૌ મેમ્બર બે વર્ષ બાદ સૌ આત્મીયતાથી એક બીજાને ભાવપૂર્વક મળ્યા હતા. આમ સંક્ષિપ્ત છતાં સૌને માટે આનંદ સાથે આત્મીય ભાવ જગાવી પર્યુષણ પર્વની ઉજવણી કરાઈ હતી.









# જીવદયા સંસ્થાઓ દ્વારા અબોલ પક્ષી-પશુઓની માટેના ઉપયોગી સૂચના પોસ્ટરોનું વિમોચન



તેલંગણાના પ્રાણી મિત્ર રમેશ જાગીરદાર મેમોરિયલ ફાઉન્ડેશન તથા લવ ફોર કાઉ ફાઉન્ડેશન દ્વારા અબોલ પ્રાણીઓ તથા પક્ષીઓના જીવન બચાવ માટેના ઉપયોગી સૂચનોના પોસ્ટરોનું વિમોચન કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાણી તથા ચેવેલ્લાના સાંસદ રણજિત રેડીના કરકમલો દ્વારા ગગન પહાડ સ્થિત શ્રી નેમીશ્વર અંબાજી ધામ, સત્યમ શિવમ્ સુંદરમ્ ગો નિવાસના પ્રાંગણમાં કરાયો. પ્રાણી મિત્ર રમેશ જાગીરદાર મેમોરિયલ ફાઉન્ડેશનના સંસ્થાપક રિદેશ જાગીરદાર એક અખબારી યાદી દ્વારા જણાવ્યું હતું કે આજના ભૌતિક યુગમાં અબોલ પશુ પ્રાણીઓને જીવન માટે દાણો પાણી, ભોજન આદિ જાણકારી આગામી પેઢીને થાય અને પ્રચાર સામગ્રી દ્વારા પક્ષી પ્રાણીઓ પ્રતિ કરૂણાના ભાવ જાગે એ આ પોસ્ટરોનો મુખ્ય હેતુ છે.

લવ ફોર કાઉ ફાઉન્ડેશનના ચેરમેન જસમત પટેલએ જણાવ્યું કે ગૌવંશને ઘાસ, ગોળ, પાણી દેવાથી ગ્રહોની પીડા ઓછી થાય છે. વ્યાપાર રોજગારમાં વૃધ્ધિ થાય છે અને કમાણીમાં બરકત મળે છે. માછલીઓને આટા કણકની ગોળી આપવાથી ગુમાવેલી સમૃધ્ધિ પરત આવે છે. શ્વાનોને રોટલી આપવાથી દુશ્મન હટી જાય છે. કીડીઓને કીડીયારૂ પૂરવાથી કર્જમાંથી મુક્તિ મળે છે. અખિલ ભારત હિન્દુ મહાસભા તેલંગણાના પ્રદેશ અધ્યક્ષ આર.કે.જૈન એ માહિતી આપતા કહ્યું હતું કે ધર્મકાર્યમાં હાથ અને સાથ આપવાથી હાથ કલ્પવૃક્ષ સમાન વૃધ્ધિ પ્રગતિકારક થઈ જાય છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત કેન્દ્રીય મંત્રી તથા સાંસદશ્રીનું લવ ફોર કાઉ ફાઉન્ડેશન દ્વારા શાલ, મોમેન્ટો આપી સ્વાગત સન્માન કરાયું. પ્રાણી મિત્ર રમેશ જાગીરદાર મેમોરિયલના સ્થાપક રિદેશ જાગીરદાર લવ ફોર કાઉ ફાઉન્ડેશનના ચેરમેન જસમત પટેલ અખિલ ભારત હિન્દુ મહાસભાના તેલંગણા પ્રદેશ અદરત આર.કે.જૈન, રાજનીતિક ચેતના મંચના મુકેશ જૈન ચૌહાણ, નેમીશ્વર, અમ્બાજી પદ્માવતી ધામના સંસ્થાપક નેમિચંદ વડેર મુથા, કન્ઝુમર ફોરમના પી.ચંદ્રશેખર, જન ઉર્જા મંચ અધ્યક્ષ ડૉ.નિશિતા દીક્ષિત, કાંચી વેલફર સોસાયટી અધ્યક્ષા પરમેશ્વરી શર્મા, ભારતીય પ્રાણી મિત્ર સંઘ અધ્યક્ષ જસરાજ શ્રીશ્રીમાલ, ગૌ પ્રેમી શાંતિલાલ સાલેચા, બી.જે.એસ.ના મંત્રી શ્રી પાલ દેશ લદરા સાથે અન્ય મહાનુભાવ તથા પ્રાણી જીવદયા હિતચિંતકોની બહોળી હાજરી રહી હતી.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



મધુસુદન ધુલ્લા
તા.૨૮ સપ્ટે.(ઉ.૭૦)
રંગપુર-ગોરેગામ



રેખાબેન નાગડા
તા.૨૯ સપ્ટે.(ઉ.૬૮)
નલિયા-કોપરખૈરણે



વનિતા ડાઘા
તા.૨૯ સપ્ટે.(ઉ.૬૮)
વરાડીયા-મુલુંડ



રતનબેન મૈશેરી
તા.૩૦ સપ્ટે.(ઉ.૮૩)
લાલા-વિરમગામ



રાયચંદ ધુલ્લા
તા.૦૨ ઓક્ટો.(ઉ.૭૨)
સેવક ભરૂડીયા

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો.**
**વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ૧૪ વખત આંતકી હુમલાનો ભોગ બનેલા અને ૧૧ વખત સર્જરી કરાવી ચૂકેલા જીવતા શહીદ તરીકે નામના ધરાવતા અખિલ ભારતીય આતંકવાદ વિરોધી મોરચાના અધ્યક્ષ મનિન્દર સિંહ બિટ્ટા એ કચ્છની મુલાકાત લઈ સરહદી વિસ્તારોમાં પિલર નં ૧૧૭૫, તેમજ હરામી નાળાની જાત મુલાકાત કરી હતી. ઉપરાંત માતાના મઢ, નારાયણ સરોવર ત્રિવિક્રમરાયજી મંદિર, લખપતમાં ગુરૂદ્વારામાં દર્શન કર્યા હતા. બિદડાની ગૌશાળાની મુલાકાત કરી હતી. તેમની સાથે કચ્છ યુવક સંઘ મધ્ય મુંબઈ શાખાના રૂષભભાઈ મારૂ તેમની ટીમ માટુંગા ઈસ્ટના નગરસેવિકા નેહલ અમર શાહ ખોના સહિત ૨૦ જેટલા કાર્યકરો જોડાયા હતા.

● દેશના સૌથી મોટા અને આરોગ્ય સંસાધનોને લઈને દુર્ગમ એવા કચ્છ જિલ્લાની કોવિડ રસીની કામગીરીની કેન્દ્ર સરકારે નોંધ લઈને પીઠ થાબડી છે. દેશના સૌથી મોટા જિલ્લા કચ્છમાં કોવિડ રસીકરણ તેજગતિએ ચાલી રહ્યું છે એમ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ ટ્વિટર પર જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ૪૫૬૭૪ ચોરસ કિલો મીટરનો વિસ્તાર ધરાવતો કચ્છ જિલ્લો દેશનો સૌથી મોટો જિલ્લો છે. અહીં ૧૦ તાલુકાના ૯૨૪૫ ગામો છે. આ જિલ્લામાં કોવિડ રસીકરણ પડકારજન્ય કાર્ય હતું પરંતુ વહીવટી તંત્રની મદદથી આ કામ સુપેરે પાર પાડી શકાયું છે અને આજે કચ્છના એકે એક ગામ અને તાલુકામાં તેજ ગતિએ રસીકરણ થઈ રહ્યું છે એવું આરોગ્યમંત્રીએ નોંધ્યું છે.

● એશિયાના સૌથી સમૃદ્ધ ગામડામાં જેની ગણતરી થાય છે તેવા ભુજ તાલુકાના માધાપર ગામ ઉપરાંત આસપાસના ૨૬ ગામના લોકોના જાન માલની સલામતી અને કાયદો વ્યવસ્થા સુદૃઢ બને તેવા આશયથી અલાયદા માધાપર પોલીસ મથકનું રાજ્યના ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ ઈ લોકાપર્ણ કર્યું હતું. ભુજના પરા સમાન માધાપરના અનેક વતનીઓ વિદેશોમાં પરસેવો પાડી કમાણીના નાણા વતનની બેંકોમાં ફિક્સ ડિપોઝીટ તરીકે રોકતા હોવાથી આ ગામમાં અનેક બેંકો આવેલી છે. વયોવૃધ્ધ માતા પિતાઓની સલામતીની ચિંતા પણ તંત્રને રહી છે એટલે કાયદો વ્યવસ્થાની જાળવણી સુદૃઢ થાય એ માટે રાજ્ય સરકારે સ્વતંત્ર પોલીસ મથક અત્રે ફાળ્યું છે.

● ગારમેન્ટનો ધંધો છોડી નાની તુંબડી તાલુકો મુંદરામાં કનકધારા ગીર ગૌશાળા બનાવી ૧૦૧ ગીરગાયોનું સંર્વધન પરેશભાઈ કરમશી દેઢિયા છેલ્લા સાત વર્ષથી કરી રહ્યાં છે. ખાનગી રાહે પશુપાલન વ્યવસાય કરવા વિશાળ ગૌશાળનું નિર્માણ કર્યું છે. જેમાં તેમના પત્ની અંજનાબેન દેઢિયા, પુત્રી હરિની અને પુત્ર જીનમ મદદરૂપ ભૂમિકા કરી પ્રેરણા આપે છે. ફાર્મ ખાતે જળસ્તર ઊંચુ લાવવા વોટર હાર્વેસ્ટિંગ વ્યવસ્થા કરી છે. ગાયોની તંદુરસ્તી જાળવવા માટે ઓર્ગેનિક ખાણ આપે છે. જેમાં અડદ, તુવેર, મકાઈ, ઘઉની ભૂસી તેમજ આયુર્વેદિક અજમો, વરિયાળી, સેંધામીઠો, શતાવરી, આંબા હળદર, મેથી વિગેરે અને તલ, શિંગ, ખોપરાના તેલમાંથી નીકળતો ખડ ગાયોને આપે છે. ૫ હજાર લિટરના સ્ટોરેજની વ્યવસ્થા ગૌમૂત્ર માટે કરી છે.

● પાલારા ખાસ જેલ–ભુજ તથા શ્યામજી કૃષ્ણ વર્મા સ્મારક માંડવીના સંયુક્ત ઉપક્રમે ભાનુમતી શ્યામજી કૃષ્ણ વર્માની પુણ્યતિથિએ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા દંપતિના રાષ્ટ્ર પ્રત્યેના પ્રેમ અને સ્વાતંત્ર્ય માટેની લડત અંગેની યાદોને જીવંત બનાવી. પંડિત દંપતિની આઝાદ ભારત માટેની તીવ્ર ઝંખના શબ્દો વડે રજૂ કરી અંજલિ પ્રદાન કરાઈ હતી. જેલના બંદીવાન ભાઈઓ બહેનોના માનસ પરિવર્તનના હેતુને ધ્યાનમાં લઈ સમગ્ર કાર્યક્રમ આયોજન કરાયું હતું.


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com




# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

**LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA**